# 3.3 પ્રત્યાયન એટલે શું ?

- વર્તમાન સમયમાં ટેલિફોન, મોબાઈલ ફોન, સેલ્યુલર ફોન, કમ્પ્યૂટર આધારિત ઈ–મેલ, ટેલિકૉન્ફરન્સ, વિડીયો કૉન્ફરન્સ દ્વારા પ્રત્યાયન ખૂબ જ ઝડપી થઈ રહ્યું છે. અધ્યયન– અધ્યાપનની પ્રક્રિયામાં પ્રત્યાયન એક ખૂબ જ અગત્યનું પરિબળ છે.

- પ્રત્યાયન એક સામાજિક પ્રક્રિયા પણ છે.

- પ્રત્યાયનને અંગ્રેજીમાં ***communication*** કહેવામાં આવે છે. જે લૅટિન શબ્દ ***Communis*** પરથી ઊતરી આવ્યો છે. જેનો અર્થ '***Common***' એવો થાય છે. ***Common mean shared by all*** એટલે "જેમ બધાની ભાગીદારી હોય તે'" એવો અર્થ થાય છે.

- આપણે જાણીએ છીએ કે જ્યારે વર્ગખંડ શિક્ષણની પ્રક્રિયા ચાલતી હોય છે ત્યારે શિક્ષક, વિદ્યાર્થી, શૈક્ષણિક સાધન–સામગ્રી : પ્રયુક્તિઓ વગેરે તમામની ભાગીદારી હોય છે.

- ***(1)*** "પ્રત્યાયન એ વાણી, લખાણ કે સંકેતો દ્વારા વિચાર, મત કે માહિતીનું આદાન–પ્રદાન છે.- અમેરિકન કૉલેજિયન ડિક્શનરી

- ***(2)*** "એક વ્યક્તિથી બીજા વ્યક્તિ તરફ અર્થસભર સંદેશો લઈ જતું કંઈપણ એટલે પ્રત્યાયન' -બુકર

- ***(3)*** "પ્રત્યાયન એટલે એવી પ્રત્યેક પ્રક્રિયા છે કે, જેના દ્વારા એક માનસ બીજા માનસને અસર કરે છે.'' -વૉરેન વિવર

- ટૂંકમાં કહી શકાય કે, લોકો વચ્ચે થતી એવી પ્રક્રિયા કે જેમાં માહિતી મોકલનાર વ્યક્તિ દ્વારા માહિતીનું યોગ્ય સંકેતો દ્વારા, યોગ્ય માધ્યમથી થતું એવું પ્રસારણ કે જે માહિતી મેળવનારને પ્રભાવિત કરે છે.

## ૩.૯ બાળકોનું પ્રત્યાયન

- બાળકોમાં પ્રત્યાયનનું વિશેષ મહત્ત્વ છે.
- પ્રાથમિક શિક્ષણમાં આપણે શિક્ષક તરીકે શાબ્દિક પ્રત્યાયન અને અશાબ્દિક પ્રત્યાયનનો ઉપયોગ કરીએ છીએ.
- શિક્ષક શક્ય તેટલા અશાબ્દિક પ્રત્યાયનનો સાહજિક રીતે વર્ગખંડમાં ઉપયોગ કરી શકે તો અસરકારક પ્રત્યાયન થાય છે.
- આ માટે શિક્ષકના ચહેરા પરના હાવ–ભાવ, બૉડી લેંગ્વેજ, ઈશારા વગેરે અસર કરતી બાબતો છે.
- વાસ્તવિક વર્ગખંડમાં નાના–નાના બાળકો સાથેની અધ્યયન પ્રક્રિયામાં આનું સવિશેષ મહત્ત્વ છે.
- બાળક–બાળક વચ્ચે જ્યારે પ્રત્યાયન પ્રક્રિયા થાય છે ત્યારે શાબ્દિક અને અશાબ્દિક બંને પ્રકારનું પ્રત્યાયન થાય છે. પણ બાળકોમાં મોટેભાગે અશાબ્દિક પ્રત્યાયન વિશેષ જોવા મળે છે.
- ઈશારાઓ અને સંકેતો કેન્દ્રસ્થાને હોય છે. સામાન્ય રીતે બાળકો સ્વતંત્ર કે એકલા હોય ત્યારે વાતાવરણને અનુરૂપ પ્રત્યાયનો જોવા મળે છે. દા.ત., ઘરમાં ઢીંગલી કે અન્ય રમકડાંથી એકલું અટૂલું રમતું બાળક બિન્દાસ્ત પોતાની સ્વમોજમાં રમે છે. પરંતુ અચાનક કોઈ આવી જાય ત્યારે બાળક થોડું સચેત અને ગંભીર બની જાય છે અને ફરી ધીરે–ધીરે રમવા લાગે છે.
- બાળકની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પરિસ્થિતિની સીધી જ અસર તેમના વાણી, વર્તન અને વ્યવહારમાં જોવા મળે છે તથા એ મુજબ તેનું પ્રત્યાયન જોવા મળે છે. આપણે જાણીએ છીએ કે, વર્ગખંડ શિક્ષણ પ્રક્રિયામાં અંતર્મુખી

કે ગભરું બાળક ભાગ્યે જ બોલે છે જ્યારે બહિર્મુખી બાળક તરત જ આંગળી ઊંચી કરીને બિન્દાસ્ત પોતાના વિચારો રજૂ કરે છે.

- પરિચિત વ્યક્તિ કે વાતાવરણમાં મોટેભાગે બાળક સાહજિક રીતે પ્રત્યાયન કરે છે, પરંતુ અપરિચિત વ્યક્તિ કે વાતાવરણમાં બાળક ઘણીવાર નિખાલસપણે ખીલીને વાત કરી શકતું નથી. ટૂંકમાં, બાળકોના પ્રત્યાયનમાં વિવિધતા જોવા મળે છે.

- ટૂંકમાં કહી શકાય કે, લોકો વચ્ચે થતી એવી પ્રક્રિયા કે જેમાં માહિતી મોકલનાર વ્યક્તિ દ્વારા માહિતીનું યોગ્ય સંકેતો દ્વારા, યોગ્ય માધ્યમથી થતું એવું પ્રસરણ કે જે માહિતી મેળવનારને પ્રભાવિત કરે છે.

### 3.4.1 પ્રત્યાયન પ્રક્રિયા :

- પ્રત્યાયનની પ્રક્રિયા ખૂબ જટિલ પ્રક્રિયા છે. પ્રત્યાયન પ્રક્રિયાને વધુ ઊંડાણથી સમજવા તેના ઘટકો સમજવાનો પ્રયાસ કરીએ :

### (1) પ્રેષક (Sender):

- પ્રત્યાયન પ્રક્રિયાનો આરંભ કરનાર કે શરૂઆત કરનારને પ્રેષક તરીકે ઓળખવામાં આવે છે.

- પ્રેષક એ માત્ર પ્રત્યાયનનો આરંભ કે શરૂઆત જ નહિ પરંતુ સંદેશાનું નિરુપણ, નિર્ધારણ અને માધ્યમ પણ પસંદ કરે છે.

- ટૂંકમાં, પ્રેષકની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે.

### (2) સંકેતીકરણ (Encoding) :

- પ્રેષક એ માહિતીનું સંકેતમાં પ્રતીકાત્મક સ્વરૂપે રૂપાંતર કરે છે, જેને સંકેતીકરણ તરીકે ઓળખવામાં આવે છે.

- સંકેત શાબ્દિક પણ હોઈ શકે છે અને અશાબ્દિક પણ હોઈ શકે છે. અહીં એ બાબત નોંધનીય છે કે પ્રેષકે એવા સંકેતોનો ઉપયોગ કરવો જોઈએ જેથી તે પ્રાપ્ત કરનાર તે જ સંદર્ભ અને અર્થમાં સમાઈ શકે.

### *(3) સંદેશો (Message) :*

- સંદેશો એ માહિતી કે માહિતીનો સમૂહ છે કે જે માહિતી પ્રાપ્ત કરનાર સુધી પહોંચે, તેવી અપેક્ષા પ્રેષક રાખે છે. પ્રેષક દ્વારા સંક્રમિત થતા પ્રતીકોનું જૂથ કે જે હુકમ, વિનંતી, માહિતી કે અન્ય સ્વરૂપે હોઈ શકે છે.

### *(4) માધ્યમ (Channel) :*

- અસરકારક પ્રત્યાયન માટે માધ્યમની પસંદગી અત્યંત અગત્યની છે.
- સંદેશાનું પ્રસરણ કરવા માટે જેનો સહારો લેવામાં આવે અથવા તો સંદેશો મોકલવા જે માર્ગને પસંદ કરવામાં આવે તેને માધ્યમ તરીકે ઓળખવામાં આવે છે.
- સંદેશો અને માધ્યમ બંને એવી રીતે જોડાયેલ છે કે તેને અલગ ન પાડી શકાય.
- પોતાના મિત્રો સાથે વાત કરવામાં મોબાઈલ ફોન માધ્યમ બને છે. લેખિત અક્ષર માટે કાગળ માધ્યમ બને છે.

### *(5) અસંકેતીકરણ (Decoding) :*

- સંદેશો પ્રાપ્ત કરનાર સંદેશાનું અર્થઘટન કરી, માહિતીને અર્થપૂર્ણ બનાવવા પ્રયાસ કરે છે.

- સંદેશો પ્રાપ્ત કરનાર પ્રેષકનાં હેતુને ધ્યાનમાં રાખીને અસંકેતીકરણ કરે ત્યારે પ્રત્યાયન અસરકારક બને છે.
- જેમ કે, શિક્ષક જે કહેવા માગે, તે જ વિદ્યાર્થી જો સમજે તો અસરકારક પ્રત્યાયન થયું કહેવાય.

## (6) સંદેશો પ્રાપ્ત કરનાર (Receiver) :

- પ્રત્યાયનમાં સંદેશો પ્રાપ્ત કરનારનાં રસ, રુચિ, મનોવલણ, શારીરિક–માનસિક સ્થિતિ વગેરે અસર કરનારા પરિબળો છે.
- સંદેશો પ્રાપ્ત કરનાર એ સંદેશનો ગ્રાહક છે.
- જે વ્યક્તિ કે વ્યક્તિઓ સંદેશો ઝીલે અથવા તો સંદેશાની અસર જેના પર થાય છે તેને સંદેશો પ્રાપ્ત કરનાર કહે છે.
- પ્રત્યાયનમાં શિક્ષક ગમે તેટલું સારું ભણાવતા હોય પણ જો સાંભળનાર વિદ્યાર્થીને રસ જ ન હોય તો અસરકારક પ્રત્યાયન થતું નથી.

## (7) પ્રતિપોષણ (Feedback) :

- "સંદેશો પ્રાપ્ત કરનાર સંદેશો પ્રાપ્ત થયાની પ્રતીતિરૂપે જે વર્તન કરે તેને પ્રતિપોષણ તરીકે ઓળખવામાં આવે છે.
- વર્ગખંડ શિક્ષણ દરમિયાન વિદ્યાર્થી માથું હલાવી, સમજાઈ ગયાનું દર્શાવે છે. આ પ્રતિપોષણ ક્યારેક વળતા સંદેશ સ્વરૂપે પણ હોઈ શકે છે.
- દા.ત., શિક્ષક પ્રશ્ન પૂછે, ત્યારે શિક્ષક પ્રેષક બને છે અને વિદ્યાર્થી સંદેશો પ્રાપ્ત કરનાર બને છે. વિદ્યાર્થી તેનો જવાબ આપે છે ત્યારે તે પ્રેષક બને છે અને શિક્ષક સંદેશો પ્રાપ્ત કરનાર બને છે.

## (8) અવરોધ કે વિક્ષેપ (Barriers/Noise) :

- સંદેશને અસ્પષ્ટ કરતી કોઈ પણ બાબત કે જે સંદેશાને વિકૃત બનાવે છે, તેને અવરોધ કે વિક્ષેપ તરીકે ઓળખવામાં આવે છે.
- આ અવરોધ કે વિક્ષેપ બાહ્ય કે આંતરિક સ્વરૂપના હોઈ શકે છે. દા.ત. તાપમાન, ઘોંઘાટ, પ્રકાશ, ચિંતા, વિચારો વગેરે.

## 3.4.2 પ્રત્યાયનના પ્રકારો

**પ્રત્યાયનના પ્રકારો નીચે પ્રમાણે છે :**

### (1) ઔપચારિક પ્રત્યાયન અને અનૌપચારિક પ્રત્યાયન :

- જ્યારે પ્રત્યાયન એ કોઈ ચોક્કસ શ્રેણીક્રમ કે શિષ્ટાચારના ભાગરૂપે થાય ત્યારે તેને ઔપચારિક પ્રત્યાયન તરીકે ઓળખવામાં આવે છે.
- દા.ત., નીચેના કર્મચારીઓ પોતાના ઉપરી અધિકારીશ્રીને સલામી આપે છે.
- આનાથી તદ્દન વિરૂદ્ધમાં શિષ્ટાચારથી દૂર – બિલકુલ સહજતાથી થતા પ્રત્યાયનને અનૌપચારિક પ્રત્યાયન તરીકે ઓળખવામાં આવે છે. મિત્રો–મિત્રો વચ્ચે થતું પ્રત્યાયન એ અનૌપચારિક પ્રત્યાયન છે.

### (2) શાબ્દિક પ્રત્યાયન અને અશાબ્દિક પ્રત્યાયન :

- જ્યારે પ્રત્યાયનમાં સંદેશા શબ્દો કે ભાષા દ્વારા રજૂ થતા હોય ત્યારે તેને શાબ્દિક પ્રત્યાયન તરીકે ઓળખવામાં આવે છે.
- આ શાબ્દિક પ્રત્યાયન લેખિત કે મૌખિક સ્વરૂપનું હોઈ શકે છે. યોગ્ય શબ્દોની પસંદગી અને વાક્યમાં જે–તે શબ્દોનું સ્થાન વગેરે જેવી બાબતો શાબ્દિક પ્રત્યાયનમાં ખૂબ જ મહત્ત્વની પુરવાર થઈ છે.

- **સામાન્ય રીતે શબ્દો અને ભાષાના ઉપયોગ વગર થતા પ્રત્યાયનને અશાબ્દિક પ્રત્યાયન તરીકે ઓળખવામાં આવે છે.**
- **શિક્ષકે વર્ગખંડમાં જો અસરકારક પ્રત્યાયન કરવું હોય તો શાબ્દિક પ્રત્યાયનની સાથે સાથે અશાબ્દિક પ્રત્યાયનનો પ્રયોગ કરવો ખૂબ જ આવશ્યક છે.**
- **દા.ત., અવાજની તીવ્રતા, ચહેરા પરના હાવ–ભાવ, આરોહ–અવરોહ, અંગોનું હલન–ચલન વગેરે.**

## (૩) પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રત્યાયન :

- **જ્યારે સંદેશો મોકલનાર અને સ્વીકારનાર વચ્ચે રૂબરૂ – મોઢામોઢ સંપર્ક હોય તેને પ્રત્યક્ષ પ્રત્યાયન તરીકે ઓળખવામાં આવે છે.**
- **જ્યારે આનાથી વિરુદ્ધ રૂબરૂ સંપર્ક ન હોય ત્યારે પરોક્ષ પ્રત્યાયન થયું કહેવાય.**
- **બે વ્યક્તિ કે વ્યક્તિઓ વચ્ચે થતી ટેલિફોનિક વાતચીત એ પરોક્ષ પ્રત્યાયનનું ઉદાહરણ છે.**

## (૪) એકમાર્ગી પ્રત્યાયન અને દ્વિમાર્ગી પ્રત્યાયન :

- **જ્યારે માહિતી આપનાર સંદેશો પ્રાપ્ત કરનાર પાસેથી પ્રતિપોષણ કે વળતા સંદેશાની અપેક્ષા વગર પ્રત્યાયન કરે ત્યારે તેને એકમાર્ગીય પ્રત્યાયન તરીકે ઓળખવામાં આવે છે.**
- **દા.ત., કોઈ લશ્કરી અધિકારી પોતાના સૈનિકોને હુકમ આપે, તે એકમાર્ગી પ્રત્યાયન થયું કહેવાય.**

- **જ્યારે સંદેશો આપનાર અને સ્વીકારનાર બંને એકબીજાને પ્રતિપોષણ પૂરું પાડે ત્યારે તેને દ્વિમાર્ગી પ્રત્યાયન તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે વર્ગખંડ શિક્ષણ પ્રક્રિયામાં શિક્ષક અને વિદ્યાર્થી દ્વિમાર્ગીય પ્રત્યાયનથી જોડાય તે વધારે ઉચિત છે. આમ થાય તો જ શિક્ષણ પ્રક્રિયામાં સફળતા પ્રાપ્ત થાય છે.**

shikshansagar.com

## (5) આંતરિક વૈયક્તિક પ્રત્યાયન, જૂથ પ્રત્યાયન અને સમૂહ માધ્યમ પ્રત્યાયન :

- વ્યક્તિ પોતે, પોતાની રીતે કંઈક યાદ કરે, વિચારે, જાત સાથે વાતચીત કરે, તે આંતરિક પ્રત્યાયન છે. જ્યારે જૂથમાં લોકો હેતુપૂર્વક પરસ્પર આંતરક્રિયા કરે, તે જૂથ પ્રત્યાયન છે.
- આ ઉપરાંત જ્યારે પ્રત્યાયન પ્રક્રિયામાં વસ્તીનો મોટો સમુદાય જોડાય કે અસર પામે ત્યારે સમૂહ પ્રત્યાયન થાય છે.

## (6) અધોગામી પ્રત્યાયન, ઊર્ધ્વગામી પ્રત્યાયન અને સમસ્તરીય પ્રત્યાયન :

- નિમ્ન દરજ્જાવાળી વ્યક્તિ ઉચ્ચ દરજ્જાની વ્યક્તિ સાથે પ્રત્યાયન કરે ત્યારે ઊર્ધ્વગામી પ્રત્યાયન કહી શકાય. દા.ત., કર્મચારી પોતાના બૉસને રિપૉર્ટ આપે.
- જ્યારે ઉચ્ચ દરજ્જાવાળી વ્યક્તિ નિમ્ન દરજ્જાની વ્યક્તિ સાથે પ્રત્યાયન કરે ત્યારે અધોગામી પ્રત્યાયન કહી શકાય. દા.ત., વર્ગખંડમાં શિક્ષક બાળકોને સૂચના આપે.
- આ ઉપરાંત, સમાન હોદ્દો કે દરજ્જો ધરાવનાર વ્યક્તિ વચ્ચે થતા પ્રત્યાયનને સમસ્તરીય પ્રત્યાયન તરીકે ઓળખવામાં આવે છે. દા.ત., બે વિદ્યાર્થી કે બે શિક્ષકો વચ્ચે થતી વાતચીત.